ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૧૬ ટકા

# સે-૩ એ ન્યુ ખાતે ટોઈલેટ સ્થળ પસંદગી સામે હોબાળો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટરોમાં આવેલ બગીચામાં તંત્ર દ્વારા અત્યારે હાલના સમયે પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સ્વચ્છ ભારત મીશન અંતર્ગત જાહેરમાં શૌચક્રિયા કરવા જવુ ન પડે તે માટે દરેક સેકટરોમાં ટોઈલેટ બનાવાની કામગીરી ચાલી રહી છે. જેને પગલે સે-૩ એ ન્યુ ખાતે પણ ટોઈલેટ બનાવવા માટે સ્થળ પસંદગી કરી દેવાઈ છે. સરકારી દવાખાનાની બાજુમાં ટોઈલેટ બનાવવાના તંત્રના નિર્ણય સામે વસાહતીઓમાં વિરોધનો શુર ઉઠવા પામ્યો છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશન કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યું છે. ગામડાઓને પણ શહેર જેવા બનાવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે. શૌચક્રિયા માટે કોઈપણ વ્યકિતને ખુલ્લામાં ન જવુ પડે તેના માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને ગાંધીનગર શહેરના વિવિધ સેકટોરમાં આવેલ બગીચામાં પે એન્ડ યુઝ ટોઈલેટ તંત્ર દ્વારા તૈયાર કરાઈ રહ્યા છે. સેકટરના વેપારીઓ,મુલાકાતીઓ તેમજ વસાહતીઓને ટોઈલેટનો લાભ લઈ શકે છે. ત્યારે તંત્ર દ્વારા ઘણા સેકટરોમાં ટોઈલેટની કામગીરી પુરી થઈ ગઈ છે અને ટોઈલેટ પણ શરુ થતા નાગરીકો લાભ લઈ રહ્યા છે. શહેરના સેકટર-૩ એ ન્યુ ખાતે બગીચાની આસપાસ રહેણાંક મકાન હોવાથી ત્યાં પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધી શકાય તેમ ન હોવાથી તંત્ર અને જાગૃત વસાહતીઓ દ્વારા સરકારી દવાખાનાની બાજુમાં ખુલ્લી જમીનમાં ટોઈલેટ બનાવવા માટે સ્થળની પસંદગી કરાઈ છે. ગતરોજ તંત્રના કર્મચારીઓ અને વસાહતીઓ દ્વારા આ જગ્યાની ચકાસણી કરવામાં આવી રહી હતી તે દરમિયાન કેટલાક વસાહતીઓ ત્યાં ધસી આવ્યા હતા અને આ સ્થળ પર પે એન્ડ યુઝ ટોઈલેટના નિર્માણ સામે વાંધો ઉઠાવ્યો હતો. જેને પગલે થોડીવાર માટે વાતાવરણ પણ ગરમાયું હતું ત્યારે સે-૩ એ ન્યુ નું પે એન્ડ યુઝ ટોઈલેટ ક્યાં બને છે તે જોવુ રહ્યું..?

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા નોટબુક વિતરણ

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમાજના સભ્યોના બાળકો કે જેઓ ધોરણ-૧ થી ૧૨ અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યા છે. સમાજના બાળકોએ ઉચ્ચ અભ્યાસમાં સારા ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને મેરીટ મુજબ સંસ્થા તરફથી ઈનામ આપી બહુમાન કરવામાં આવે છે. ઈનામ માટે સંસ્થા દ્વારા નિયત કરેલા ફોર્મ તા.૩૧-૮-૧૭ સુધીમાં સંસ્થાના કાર્યાલય ખાતે જમા કરાવી દેવાના રહેશે.સમાજના વિદ્યાર્થીઓ માટે નોટ બુકોનું વિતરણ સંસ્થાના કાર્યાલય ખાતે તા.૮ મે સોમવારથી કરવામાં આવશે. તો દરેક સભ્યોએ પોતાના બાળકો માટે વહેલા તે પહેલાના ધોરણે નોટબુક મેળવી લેવાની રહેશે તેમ સમાજના પ્રમુખે જણાવ્યું છે.



પેથાપુર ખાતે ગુજરાત સ્થાપના દિનની ઉજવણીના રોજ નગરપાલિકા વિસ્તારમાં સામુહિક સફાઈ, નગરપાલિકા કચેરી, જનસેવા કેન્દ્ર, વોટર વર્કસ, પોલિસ સ્ટેશન ઉપર રોશની કરવામાં આવી હતી તથા વિકાસ કામો સી.સી. રોડ, કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોકના કુલ રૂ. ૨૬.૪૯ લાખના કામનું ખાત મુહુર્ત તથા માન. ધારાસભ્ય અશોકભાઈ પટેલ (ગાંધીનગર-ઉત્તર)ની રૂ. ૪.૩૯ લાખની ગ્રાંટમાંથી બેસવાના બાંકડાનું લોકાર્પણ તથા રાત્રે ડાયરાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

## મધુવન પ્રિમિયર લીગનો ધમાકેદાર પ્રારંભ

**અભિનેત્રી અવની મોદી તથા મેની રાવલે કર્યું ઉદઘાટન : એમપીએલમાં ૬૦થી વધુ ટીમો : વિજેતાને રૂ. ૩૧ હજાર અને રનર્સ અપને રૂ. ૧૫ હજારનું ઈનામ**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ક-૭ સર્કલ નજીક સ્થિત મધુવન પાર્ટી પ્લોટ ખાતે મધુવન પ્રિમિયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટનો તા. ૧લીમે ગુજરાત સ્થાપના દિવસે પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટૂર્નામેન્ટનું ઉદઘાટન ગાંધીનગરની દિકરીઓ તથા ફિલ્મ અભિનેત્રીઓ અવની મોદી તથા મેની રાવલના હસ્તે કરવામાં આવ્યું હતું.

એમપીએલ ક્રિકેટ ટૂર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે અવની મોદીએ જણાવ્યું હતું કે ક્રિકેટમાં 'સ્ટારકીડ' જેવી સહુલિયત પ્રાપ્ત થતી નથી, ક્રિકેટમાં તમામ ખેલાડીઓ પોતાની મહેનત અને ક્ષમતાના જોર પર જ આગળ આવે છે. આ સાથે તેમણે એવું પણ જણાવ્યું હતું કે આગામી સમયમાં ફિલ્મોમાં ભાષાની ભેદરેખા નહી રહે પરંતુ જે ગુણવત્તા આપશે તે જ ઈન્ડસ્ટ્રીઝમાં ટકશે. આ સાથે તેમણે તેમની આગામી ફિલ્મ 'બાપુ કયાં છે' યુવા પેઢીને ગાંધીબાપુની ફિલોસોફીને અલગ રીતે સમજાવશે તથા




રાજકારણમાં ગાંધી વિચારના થતા દુરુપયોગને ખુલ્લો પાડશે.

આ પ્રસંગે ઉપસ્થિત અભિનેત્રી તથા પાર્શ્વ ગાયિકા મેની રાવલે તેમની આગામી ફિલ્મ 'દિલ કેમેસ્ટ્રી'ને યુવાનો માટે રોમાંન્ટિક ફિલ્મ હોવા સાથે હટકે ફિલ્મ હોવાનો દાવો કર્યો હતો. આ ફિલ્મમાં તેમણે બે સોંગ્સમાં પ્લેબેક પણ આપ્યું છે. એમપીએલ ટૂર્નામેન્ટ અંગે માહિતી આપતા મધુવન પાર્ટી પ્લોટના માલિક દિપકભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ ટૂર્નામેન્ટમાં ૬૦થી વધુ ટીમો ભાગ લઈ રહી છે. આ ટૂર્નામેન્ટનો હેતુ યુવાનોમાં સ્વાસ્થ્ય તથા રમત પ્રત્યે જાગૃતિ કેળવવાનો છે. આ પ્રસંગે ટૂર્નામેન્ટના સહ આયોજક જિગર ત્રિવેદીએ જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન ટીમને રૂ.૩૧ હજાર અને રનર્સ અપ ટીમને રૂ.૧૫ હજારનું ઈનામ આપવામાં આવશે.

## જિલ્લામાં પોલિસ કોન્સ્ટેબલની ઘટ પુરાશે

**પોલિસ વિભાગની નવી ભરતીમાં પાસ થયેલા ૨૪૦ હથિયારી બિન હથિયારી લોક રક્ષકોને ગાંધીનગર જિલ્લો ફળવાયો**

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજય પોલિસ બેડમાં કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓની ખુબ મોટી ખોટ હતી તેને પુરી કરવા ૧૭ હજારથી વધુ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા પુર્ણ કરવામાં આવી છે. દરેક જિલ્લામાં હવે કોન્સ્ટેબલની ઘટની સમસ્યાનો ઉકેલ આવશે. ગાંધીનગર જિલ્લામાં પણ કોન્સ્ટેબલોની ખુબ ઘટ હતી. તાજેતરમાં પાસ થયેલા ઉમેદવારો પૈકી ૨૪૦ લોકરક્ષકોને ગાંધીનગર જિલ્લો ફાળવવામાં આવતા મોટી ઘટ પુરાશે. પાસ થયેલા ઉમેદવારોને ઓર્ડર આપ્યા બાદ તાલિમ માટે મોકલવામાં આવશે ત્યારબાદ તમામને પોસ્ટીંગ આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં કોન્સ્ટેબલની ખુબ ઘટ હતી તેમાં પણ મહિલા કોન્સ્ટેબલની વિશેષ ઘટ હતી. રેલી સરઘસ બંદોબસ્તમાં આ ઘટને પહોંચી વળવા બહારના જિલ્લાઓમાંથી પોલિસ બોલાવવી પડી રહી છે ત્યારે તાજેતરની પોલિસની ભરતી પ્રક્રિયામાં પાસ થયેલા ઉમેદવારો પૈકી ૨૪૦ લોકરક્ષકોને ગાંધીનગર જિલ્લો ફાળવવામાં આવતા જિલ્લામાં કોન્સ્ટેબલની આ મોટી ઘટ ખુબ હળવી થઈ જશે. ગાંધીનગર જિલ્લામાં ૧૫૪ બિન હથિયારી લોકરક્ષક (પુરુષ), ૭૬ બિનહથિયારી લોકરક્ષક (મહિલા), ૭ હથિયારી પુરુષ લોકરક્ષક અને ૩ હથિયારી મહિલા લોકરક્ષક મળીને કુલ ૨૪૦ લોકરક્ષકને મુકવામાં આવ્યા છે. આ લોકરક્ષકોને નજીકના દિવસોમાં ઓર્ડર આપવામાં આવશે ત્યાર બાદ એક વર્ષ તાલીમમાં મોકલ્યા બાદ જિલ્લામાં પોસ્ટીંગ આપવામાં આવશે.

## આજથી શહેરમાં ડાયાબિટીસ મુકત ભારત ઝુંબેશનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

ડાયાબિટીસ સામેની લડતને યુધ્ધના ધોરણે હાથ ધરવા ડાયાબિટીસ ઈન્ડિયા દ્વારા શરૂ કરાયેલી ૨૦૩૦ સુધીમાં "ડાયાબિટીસ ફ્રી ઈન્ડિયા" ઝુંબેશનો ગાંધીનગર ખાતે રાજ્યના ગવર્નર ઓ. પી. કોહલીની હાજરીમાં ૩ મેના રોજ પ્રારંભ થશે.

ગાંધીનગરમાં ગવર્નર હાઉસ ખાતે ગુજરાતના શિક્ષણ અને મહેસૂલ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, કુટુંબ કલ્યાણ અને આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરી તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના પ્રધાન ડો. નિર્મલા વાધવાણી આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

તાજેતરના આઈસીએમઆર અને આઈડીએફ ડેટા જણાવે છે કે ભારતમાં ડાયાબિટીસનો વ્યાપ વધી રહ્યો છે અને યુવાનોમાં આ રોગ વધતાં દેશ ઉપર મોટો આર્થિક બોજ પડ્યો છે.

ભારતની કુલ વસતિના ૧૮ ટકા લોકો ટાઈપ-૨ ડાયાબિટીસનો ભોગ બન્યા છે અને તેમાંના ૫૦ ટકા લોકોને જાણ પણ નથી કે તેમને ડાયાબિટીસ થયેલો છે. એટલી જ સંખ્યાના લોકોની મોટી વસતિ પ્રિ-ડાયાબિટીસનો ભોગ



બની છે અને આ રોગ ગંભીર બને તેવું જોખમ છે.

પ્રાથમિક, દ્વિતિય અને તૃતીય સ્તરે ડાયાબિટીસ થતો રોકવો જરૂરી છે. આ માટે છોકરીઓની ૩૦ વર્ષની આસપાસ શરૂઆતથી જ કાળજી લેવી જરૂરી છે, જેથી તેમના ગર્ભમાં રહેલા બાળકને ડાયાબિટીસની રંગસૂત્રો (Gene)ની અસર થાય નહીં.

ડો. સડીકોટના માર્ગદર્શન હેઠળ "ડાયલોગ" કાર્યક્રમના નેજા હેઠળ ડાયાબિટીસ ઈન્ડિયા અને મેડવીઝ હેલ્થ કેર દ્વારા તમામ સહયોગીઓને એક જ મંચ પર લાવવા માટેની ઝુંબેશ હાથ ધરી ચર્ચા, વ્યૂહરચના અને ૨૦૩૦ સુધીમાં ડાયાબિટીસ મુક્ત ભારત માટેનો રોડ મેપ તા.૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ હોટલ પૂલમેન ખાતે યોજાયેલી ૭મી વર્લ્ડ કોંગ્રેસ ડાયાબિટીસ માં નિર્ણય લેવાયો છે.

"ડાયલોગ" કાર્યક્રમ અંગે તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને રજૂઆત કરાયા પછી વ્યાપક પ્રસિધ્ધિ પ્રાપ્ત થઈ છે.

## બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળ સાથે ગુજરાત વિદ્યુત બોર્ડના મંડળોએ કર્યું જોડાણ

ગાંધીનગર, તા.૨

રાજય સરકારના અલગ અલગ બોર્ડ-નિગમો સરકારની કામગીરી કરી ગુજરાતના વિકાસને વેગવંતુ બનાવેલ છે.ત્યારે સરકાર દ્વારા બોર્ડ-નિગમના કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ આપવામાં આવ્યો નથી જેને પગલે કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી છતા સરકારના પેટનું પાણી હાલતું નથી. છેલ્લા ઘણા સમયથી સરકાર સામે મહામંડળ દ્વારા જલદ કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. ત્યારે કર્મચારીઓની આ લડાઈમાં હવે ગુજરાત વિદ્યુત બોર્ડના પાંચ મંડળો પણ જોડાણ કરતા મહામંડળની તાકાતમાં વધારો થવા પામ્યો છે. અને આગામી દિવસોમાં સરકાર સામે આક્રમક રીતે રજુઆત કરીને આંદોલન ઉગ્ર બનાવવામાં આવશે. મહામંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયા ગુજરાત વિદ્યુત બોર્ડના પાંચ મંડળોના હોદેદારોનો આભાર વ્યકત કર્યો હતો.

## @ગાંધીનગર

● વંદે માતરમ દ્વારા આનંદનો ગરબો શ્રીરંગ પરિવાર સે-૨૮ દત્ત મંદિર ખાતે બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમદ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ કુડાસણ ખાતે શિવવિવાહ રાત્રે ૧૦ કલાકે યોજાશે.

● જયબુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા પ્લોટ નં. ૧૦૨૭/૧ સે-૪-એ ખાતે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● મોડી રાત્રે આશરે ૧.૩૦ વાગે છાતીના દુઃખાવાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લવાયેલ દર્દીના સગાએ નાઈટ ડયુટીમાં બે તબીબ હોવા જોઈએ તેના બદલે માત્ર એક જ તબીબને ફરજ પર જોતા હોબાળો મચાવ્યો હતો. જો કે અન્ય તબીબે તુરંત પેલા તબીબનો સંપર્ક સાધી બોલાવી લેતા તેમણે દર્દીની સંતોષકારક સારવાર હાથ ધરતા મામલો થાળે પડયો હતો.

● નવા સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલ ખાતે મુખ્યમંત્રીને મળવાના ઈરાદાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધર્મપત્નિ જશોદાબેન આવી પહોંચ્યા હતા. જો કે મુખ્યમંત્રી સાથે મુલાકાત શકય ન બનતા તેમણે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાની મુલાકાત લીધી હતી પરંતુ તેમની મુલાકાતનું કારણ જાણી શકાયું નથી.

● ગાંધીનગરના એક મલ્ટીપ્લેકસમાં ચાલી રહેલ સુપરહીટ ફિલ્મ બાહુબલી-૨ના એક શો દરમિયાન લગભગ ૧૫ મિનિટ સુધી સાઉન્ડ બંધ રહેતા પ્રેક્ષકોએ ભારે હોબાળો મચાવ્યો હતો જો કે અંતે ટેકનિકલ ખામી સુધારી સાઉન્ડ ચાલુ કરી તે દશ્યો ફરી દર્શાવાતા પ્રેક્ષકો શાંત પડયા હતા.

## સે-૨૭ ખાતે ટેક્ષ કલેકશન સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૧માં સેકટર-૨૭ ખાતે બગીચામાં આવેલ સુવિધા કેન્દ્રમાં સ્થાનિક રહીશોને મિલ્કતવેરો ભરવાની સરળતા રહે તે હેતુથી ટેક્ષ કલેકશન સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટેક્ષ કલેકશન સેન્ટરનો દરેક વસાહતીઓએ લાભ લેવા વોર્ડ નં. ૧ના કોર્પોરેટર બરખાબેન જહા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ કલેકશન સેન્ટર સરકારી કચેરીના ચાલુ દિવસે દરરોજ સવારના ૧૧ થી બપોરના ૩ વાગ્યા સુધી કાર્યરત રહેશે.

## આઈ લવ માય ગાંધીનગર



**તન્મય પટેલ**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**

સ્થાન અને મનનું ખુલ્લાપણું, શહેર અને નગરજનોનાં મનની સુંદરતા તેમજ વૃક્ષોની અને લાગણીઓની હરિયાળીને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો ગાંધીનગર શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કડી સર્વ વિશ્વવિદ્યાલય, કીપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ તેમજ જી ઈ કલબ વગેરે દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

વધુમાં વધુ યુવાનો સમાજ મતલબી કાર્યોમાં જોડાય તે માટેના પ્રયાસો કરવા, તેવું વાતાવરણ ઊભું કરવાની આવશ્યકતા જણાઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

સેવાપ્રવૃત્તિઓનો ભેખ લીધો છે, સેવાનાં સઘળાં કાર્યો કરવા માટે હું તત્પર છું.

## હોસ્પિટલમાં સીટી સ્કેન મશીનની કાગડોળે રાહ જોતા દર્દીઓ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે. હોસ્પિટલ તંત્ર દ્વારા નવીન મશીન લાવવા માટે દરખાસ્ત પણ ઉચ્ચકક્ષાએ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય ન આવતા દર્દીઓ ને હેરાનીનો સામનો કરવો પડી રહ્યો છે. જયારે માથામાં સામાન્ય ઈજા પામેલા દર્દીને પણ અમદાવાદ રીફર કરવામાં આવે છે. ત્યારે દર્દીને સીટીસ્કેન બહાર કરાવવું પડે છે જેના હજ્જારો રૂપીયાનો ખર્ચ થાય છે. જેને પગલે હોસ્પિટલમાં નવીન સીટીસ્કેન મશીન આવે તેની કાગડોળે દર્દીઓ રાહ જોઈ રહ્યા છે.

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. ૬૦૦ બેડની આધુનિક હોસ્પિટલમાં હવે પીજીનો કોર્ષ પણ આવતા વર્ષે શરુ થશે. પરંતુ દર્દીઓની સમસ્યાનો અંત હજુ સુધી આવતો નથી.રાજયની પ્રજાના સુખાકારી આરોગ્ય માટે સરકાર દ્વારા વિવિધ આરોગ્યલક્ષી યોજના બહાર પાડવામાં આવે છે. સંકુલ પણ કરોડો રૂપીયાના ખર્ચે આધુનિક બનાવાયું છે. ત્યારે સંકુલમાં સીટીસ્કેન મશીન બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત દર્દી આવતા માથાના ભાગે ઈજા પામેલા દર્દીઓને સીટીસ્કેન કરાવવું પડે છે. પરંતુ હોસ્પિટલમાં સીટીસ્કેન મશીન ઉપલબ્ધ નહીં હોવાથી દર્દીઓને ખાનગીમાં હજ્જારો રૂપીયાનો ખર્ચે કરીને બહાર સીટીસ્કેન પ્રાઈવેટમાં કરાવવાનો વારો આવે છે. છેલ્લા ઘણા સમયથી બંધ સીટી સ્કેન મશીન આધુનિક હોસ્પિટલમાં ઝડપી શરુ થાય તેવી લાગણી અને માંગણી દર્દીઓની છે.જયારે સીટીસ્કેન માટેની દરખાસ્ત પણ ઉચ્ચકક્ષાએ મુકવામાં આવી છે ત્યારે નવીન મશીન પણ ટુંક સમયમાં હોસ્પિટલમાં આવે તો નવાઈ નહી..

## ગાંધીનગર ખાતે ઓપન ગુજરાત ચેસ ટૂર્નામેન્ટ સંપન્ન






ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ચેસ એસોસિએશન દ્વારા આયોજિત ઓપન ગુજરાત ચેસ ટૂર્નામેન્ટમાં ૧૧૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટ સેકટર-૧૯ના જીમખાના ખાતે યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૧, અન્ડર-૧૫ તથા ઓપન એમ કુલ ત્રણ કેટેગરીમાં રમાડવામાં આવી હતી. તમામ કેટેગરીના વિજેતા ખેલાડીઓને ઈનામો તથા પ્રમાણપત્રો દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

ઓપન ગુજરાત ચેસ ટૂર્નામેન્ટમાં અન્ડર-૧૧ કેટેગરીમાં પ્રથમ ક્રમે આરાધ્ય જૈન, દ્વિતિય ક્રમે વેદાંત દલાલ, તૃતીય ક્રમ સ્તુતિ જાની, ચતુર્થ ક્રમે નેહાલ પટેલ અને પાંચમા ક્રમે આર્યન સોની વિજેતા બન્યા હતા. અન્ડર-૧૫ કેટેગરીમાં પ્રથમ ક્રમે કુશલ જાની, દ્વિતિય ક્રમે બસીત સૈયદ, તૃતીય ક્રમે અરવિંથ વેકટેશ, ચતુર્થ ક્રમે જસપ્રિત ગીલ તથા પાંચમ ક્રમે વિશ્વા નેમીસ વિજેતા બન્યા હતા. ટૂર્નામેન્ટમાં ઓપન કેટેગરીના સિનિયર ખેલાડીઓમાં પ્રથમ ક્રમે નિલેશ જોષી, દ્વિતિય ક્રમે કેતન પ્રજાપતિ, તૃતીય ક્રમે વિજય રાવત, ચતુર્થ ક્રમે રાજેન્દ્ર ગાંધી તથા પાંચમા ક્રમે જયેશ યાદવ વિજેતા બન્યા હતા. ટૂર્નામેન્ટમાં સુરેન્દ્રનગરના પંકજ પંચોલીએ આર્બિટર તરીકેની સેવાઓ આપી હતી. સમગ્ર ટૂર્નામેન્ટના આયોજન માટે ગાંધીનગર ચેસ એસોસિએશનના પ્રમુખ હર્ષદ ઈશ્વરભાઈ કાપડિયાએ એકલા હાથે ભારે જહેમત ઉઠાવી ટૂર્નામેન્ટને સફળ બનાવી હતી.



## સે-૨૩ ખાતે ગુજરાત સ્થાપના દિનની વિશિષ્ટ ઉજવણી

**ધારાસભ્ય અશોકભાઈ પટેલનો જન્મ દિવસ પણ ઉજવાયો**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૪માં સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા તા. ૧લીમે ગુજરાત સ્થાપના દિનની વિશિષ્ટ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલનો પણ જોગાનુજોગ જન્મદિવસ હોવાથી ઉજવણીનો આનંદ બેવડાયો હતો.

મનપાના વોર્ડ નં. ૪માં સેકટર-૨૩ના શોપીંગ સેન્ટર ખાતે સાંજે ૮.૦૦ કલાકે યોજાયેલ આ કાર્યક્રમમાં કેક કાપીને ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય ઉપરાંત ભાજપના શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ, સામાજિક કાર્યકર, નીતિન પટેલ, અગ્રણી પંકજ શુકલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત વોર્ડના વસાહતીઓ જેમાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ તથા બાળકો સામેલ થયા હતા. કાર્યક્રમમાં તમામનું મ્હોં મીઠું કરાવી નાસ્તો કરાવાયો હતો તથા મહાનુભાવોએ ગુજરાત રાજયની વિશેષતાઓથી અવગત કર્યા હતા. વોર્ડ નં. ૪ના તમામ વસાહતીઓએ સુંદર અને વિશિષ્ટ કાર્યક્રમના આયોજન બદલ કોર્પોરેટર નીલાબેન શુકલને અભિનંદન પાઠવ્યા હતાં.

## શહેર પેન્શનર્સ સમાજની ૪થીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માહે મે ૨૦૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૪થી મેના ગુરુવારના રોજ પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે પાંચ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સે-૨૨માં યોજાશે. પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા માટે પ્રવર મંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કંકુબેન લાલાભાઈ, ઉ.વ. ૯૨
- સ્વ. અંબાલાલ વિરમજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. વાસુદેવન જી. પીલ્લાઈ, ઉ.વ. ૬૬